# 24th ASEAN-India Senior Officials' Meeting

# 24મી ASEAN-ભારતનાં વરિષ્ઠ અધિકારીઓની મીટિંગ

15 જૂન, 2022

સચિવ (પૂર્વ) શ્રી સૌરભ કુમારે નવી દિલ્હીમાં 15 જૂન 2022 નાં રોજ સિંગાપોરનાં કાયમી સચિવ મહામહિમ શ્રીમાન આલ્બર્ટ ચુઆ સાથે 24મી ASEAN-ભારતનાં વરિષ્ઠ અધિકારીઓની મીટિંગની સહ-અધ્યક્ષતા કરી હતી. આ મીટિંગમાં અન્ય ASEAN સભ્ય રાજ્યોનાં વરિષ્ઠ અધિકારીઓની સહભાગીતા જોવા મળી હતી.

2. આ વરિષ્ઠ અધિકારીઓની મીટિંગમાં ASEAN-ભારત વ્યૂહાત્મક ભાગીદારી અને તેની ભાવિ દેશાની સમીક્ષા કરવામાં આવી હતી. ભારત અને ASEAN તેઓનાં સંવાદ સંબંધોની 30મી વર્ષગાંઠની ઉજવણી કરે છે તે સાથે, વરિષ્ઠ અધિકારીઓની મીટિંગનાં નેતાઓએ રાજકીય-સુરક્ષા, આર્થિક અને સામાજીક-સાંસ્કૃતિક એમ ભાગીદારીનાં તમામ ત્રણેય સ્તંભો અંતર્ગત થયેલી પ્રગતિ પર તેઓની આકારણી કરી હતી. આ મીટિંગમાં ASEAN-ભારત પ્લાન ઑફ્ એક્શન (2021-2025) નાં આગળનાં અમલીકરણ માટેનાં પગલાઓ પર વિચારણા પણ કરવામાં આવી હતી. બન્ને પક્ષોએ કોવિડ-19 મહામારી અને મહામારી બાદની રીકવરી સહિત પારસ્પરિક હિતનાં પ્રાંતિય અને આંતરરાષ્ટ્રિય મુદ્દાઓ પર દ્રષ્ટિકોણોનું આદાન-પ્રદાન પણ કર્યું હતું.

3. સચિવ (પૂર્વ) દ્વારા સંકલનકર્તા દેશ તરીકે ASEAN-ભારત સંબંધો મજબૂત કરવામાં સિંગાપોરનાં સકારાત્મક યોગદાન અને સતત સમર્થનનું સ્વાગત કરવામાં આવ્યું હતું. ઈન્ડો-પેસિફિકનાં ભારતનાં વિઝનમાં ASEAN ની કેન્દ્રિયતા પર ભાર મૂકતા, તેઓએ ASEAN-ભારત વ્યૂહાત્મક ભાગીદારી મજબૂત કરવા માટે ASEAN આઉટલૂક ઓન ઈન્ડો-પેસિફિક (AOIP) પર સહકાર પર ASEAN-ભારત સંયુક્ત સ્ટેટમેન્ટનાં અમલીકરણ પર ભાર મૂક્યો હતો. ASEAN પક્ષ દ્વારા પ્રાંતમાં ASEAN અને ASEAN ની આગેવાની ધરાવતા સ્થાપત્યને ભારતનાં સમર્થનની પ્રશંસા કરવામાં આવી હતી.

4. બન્ને પક્ષોએ ASEAN-ભારત ભાગીદારીની 30મી વર્ષગાંઠ અંકિત કરવાં ASEAN-ભારત મૈત્રી વર્ષ તરીકે વર્ષ 2022 ની ઉજવણી કરવા માટે પ્રવૃત્તિઓનાં કેલેન્ડરની સમીક્ષા પણ કરી હતી. ભારત અને ASEAN વચ્ચે મજબૂત ઐતિહાસિક અને સાંસ્કૃતિક જોડાણો ASEAN-ભારત ભાગીદારી તેનાં ચોથા દાયકામાં પ્રવેશે છે તે સાથે મજબૂત પાયો પ્રદાન કરવાનું ચાલું રાખે છે.

**નવી દિલ્હી,**
**15 જૂન, 2022**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.